**HITESH LAIWALA**
**MAHARSHI LAIWALA**
ADVOCATES & TAX-CONSULTANTS

## કાનૂની અભિપ્રાય

પ્રતિ,

પ્રિમુલા ઈન્ફ્રા એલએલપી

ઠેકાણુ: શોપ નં.૧૭, પહેલો માળ,

ઓમ શિવમ,

ગુજરાત ગેસ પાસે,

અડાજણ, સુરત

વિષય: સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી સબ ડીસ્ટ્રીકટ, શહેર સુરતના પાલ વિસ્તારમા આવેલી મોજે પાલ, તાલુકો અડાજણના સરવે નંબર: ૧૦૬/૧, બ્લોક નંબર: ૭૧ વાળી ૬૮૮૦ સમચોરસ મીટર જમીન કે જેને ટી.પી.સ્કીમ નંબર: ૧૫ (પાલ) લાગુ થતાં મૂળખંડ નંબર: ૮૫ આપવામા આવેલો છે અને તેના બદલામા અંતિમખંડ નંબર: ૮૫ વાળી ૪૮૧૬ સમચોરસ મીટર ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન તથા તે ઉપર મંજુર થયેલા પ્લાન મુજબ બાંધવા ધારેલ "સૂર્યમ પ્રાઈમરોઝ" નામથી ઓળખાતી એસ્ટેટના ટાઈટલ બાબતે કાનૂની અભિપ્રાય બાબત.

જત તમારી સુચના ઉપરથી અમે વિષયમાં જણાવેલા જમીનને લગતા તમે રજુ કરેલા કાગળો તપાસેલા છે અને તે રેકર્ડ જોતા જમીનના ટાઈટલ નીચે વિવરણમા જણાવ્યા મુજબ છે.

૧. મોજે પાલ, તાલુકો અડાજણ ના સરવે નંબર: ૧૦૬/૧ વાળી જમીન સને ૧૯૩૮ પહેલાના અરસાથી ઈચ્છારામ નરોત્તમભાઈ ની માલીકીની ચાલી આવેલી. તેઓએ સદરહુ

જમીન હિરાભાઈ વલ્લભભાઈ ને વેચાણ આપેલી. તેઓએ સદરહુ જમીન તારીખ: ૨૯/૩/૧૯૩૨ ના રજીસ્ટર્ડ દસ્તાવેજથી અમાઈદાસ ઉકાભાઈ ને રૂા.૯૯/- સારૂ કબજા ગીરો આપેલી. તે વ્યવહારની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબર: ૪૨૩, તારીખ: ૧૫/૪/૧૯૩૨ થી થયેલી છે. ત્યારબાદ ઈચ્છાભાઈ નરોત્તમભાઈ એ ગીરોના રૂપિયા ભરપાઈ કરી દેતાં તારીખ: ૨/૮/૧૯૩૩ ના રોજ મોઢાની શરતે કબજા ગીરો મુકત થયેલા. તે વ્યવહારની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબર: ૪૬૫, તારીખ: ૨/૮/૧૯૩૩ થી થયેલી છે.

મંછારામ જગજીવન તારીખ: ૧૧/૧/૧૯૩૬ ના રોજ મોઢાની શરતે સરવે નંબર: ૧૦૬/૧ વાળી જમીન રૂા.૫૦૦/- પુરા બદલ ઈચ્છારામ નરોત્તમ પાસેથી વેચાણ રાખેલી. તેથી ખરીદનાર મંછારામ જગજીવનનું નામ ૭/૧૨ રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબર: ૫૭૪, તારીખ: ૧૧/૧/૧૯૩૬ થી દાખલ થયેલું. ત્યારબાદ ઈચ્છારામ નરોત્તમ એ મંછારામ જગજીવન પાસેથી સદરહુ જમીન રૂા.૫૦૦/- પુરા બદલ પરત વેચાણ રાખેલી. તેથી ઈચ્છારામ નરોત્તમનું નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબર: ૬૫૪, તારીખ: ૭/૭/૧૯૩૮ થી દાખલ થયેલું.

ઈચ્છારામ નરોત્તમભાઈ પાસેથી હિરાભાઈ વલ્લભભાઈ એ સદરહુ સરવે નંબર: ૧૦૬/૧ વાળી જમીન રૂા.૧૯૯/- પુરાના અવેજ બદલ તારીખ: ૨૯/૭/૧૯૩૮ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી. તે દસ્તાવેજ આધારે ખરીદનાર હિરાભાઈ વલ્લભભાઈ નું નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબર: ૬૫૬, તારીખ: ૮/૮/૧૯૩૮ થી દાખલ થયેલું.

હિરાભાઈ વલ્લભભાઈ પાસેથી મરીયમ ખાતુન તે શેખ રસુલ શેખ સાદેક ની ધણીયાણી એ સદરહુ સરવે નંબર: ૧૦૬/૧ વાળી જમીન રૂા.૫૨૫/- પુરાના અવેજ બદલ તારીખ: ૨૨/૮/૧૯૩૮ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલી. તે દસ્તાવેજ આધારે ખરીદનાર મરીયમ ખાતુન તે શેખ રસુલ શેખ સાદેક ની ધણીયાણી નું નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબર: ૬૬૦, તારીખ: ૨૬/૯/૧૯૩૮ થી દાખલ થયેલું.

નામદાર સરકારના ઠરાવ મુજબ સ્ટાન્ડર્ડ એરીયા એકર ૨—૦૦ ગુંઠા જરાયત અને એકર ૦—૨૦ ગુંઠા ક્યારી તથા એકર ૦—૨૦ ગુંઠા બાગાયત નક્કી કરવામા આવેલું. તેનાથી ઓછી જમીનના નંબરોને કાયદા મુજબ ટુકડા ગણવામા આવેલા. તે આધારે સરવે નંબરઃ ૧૦૬/૧ પણ ટુકડાની જમીન જાહેર થયેલો. તે ઠરાવની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબરઃ ૧૦૫૧, તારીખઃ ૧૦/૧૦/૧૯૫૦ થી થયેલી.

સરવે નંબરઃ ૧૦૬/૧ વાળી જમીનમા લાલખાં રહીમખાં ખેતી કરતા હોય તેઓનું નામ સામાન્ય ગણોતીયા તરીકે હકક પત્રક એન્ટ્રી નંબરઃ ૨૦૧૨, તારીખઃ – થી દાખલ કરવામા આવેલું. ત્યારબાદ સને ૧૯૪૮ ના અરસાથી ગણોતીયા તરીકે મહેસુલી રેકર્ડ ઉપર તેમના પુત્ર યાકુબખાં લાલખાં નું નામ ચાલતુ હતુ. વારસાઈ બાબતે કોઈ નોંધ પડી જણાતી નથી. પરંતુ, ગણોતધારા હેઠળ થયેલી કાર્યવાહીમાં ગણોતીયા જમીન માલીકના સગા થતા હોવાથી મે. ટ્રીબ્યુનલ મામલતદાર સાહેબના હુકમ મુજબ જમીનનું વેચાણ બંધ કરવામા આવેલું. તે આદેશની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબરઃ ૩૨૯૦, તારીખઃ ૧૯/૮/૧૯૬૩ થી થયેલી છે. આમ, જમીન કબજેદારના હાથમાં માલીકી હકકે ચાલુ રહેલી.

પાલ વિસ્તારમા એકત્રીકરણ યોજના અમલમા આવતાં સરવે નંબરઃ ૧૦૬/૧ વાળી જમીનને બ્લોક નંબરઃ ૭૧ આપવામા આવેલો છે. ૭/૧૨ રેકર્ડ ઉપર સરવે નંબરઃ ૧૦૬/૧ વાળી જમીનને બ્લોક નંબરઃ ૭૧ આપેલો હોવાનું સ્પષ્ટ થાય છે અને એકત્રીકરણ તખ્તાની નકલથી ખરાઈ થયેલી છે.

જમીન માલીક મરીયમ ખાતુન તે શેખ રસુલ શેખ સાદેક ની ધણીયાણી, ડર્બન સાઉથ આફ્રિકા મુકામે તારીખઃ ૧/૯/૧૯૭૯ ના રોજ ગુજરી ગયેલા. ગુજરનાર ઈસમના વારસોમા એક દિકરી અમીરબીબી રસુલ શેખ સાદેક ની છોકરી તથા એક દિકરો અબ્દુલ કરીમ રસુલ શેખ એમ બેજ વારસો હતા. તે સિવાય બીજા કોઈ વારસદારો નથી. વારસોના જવાબો ઉપરથી અને અબ્દુલ કરીમ રસુલ શેખ એ પોતાનો હીસ્સો જતો કરેલો હોવાથી વારસાઈથી અમીરબીબી રસુલ સાદેક ની દિકરીનું નામ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબરઃ ૩૯૪૦ તારીખઃ ૨૮/૩/૧૯૮૫ થી દાખલ થયેલું. ત્યારબાદ અમીરબીબી તે રસુલ સાદેકની

દિકરી અને મોહમદ અહમદુલ્લા શેખ ની ધણીયાણી તારીખઃ ૭/૮/૧૯૯૩ ના રોજ પોતાની પાછળ સીધીલીટીના વારસદારોમા મોહમદ અનવર અહમદુલ્લા, સફીયાબાનુ અહમદુલ્લા અને આબેદાબીબી અહમદુલ્લા ને મુકીને ગુજરી ગયેલા. તેથી મહેસુલી રેકર્ડ ઉપર વારસાઈથી ત્રણેય વારસદારોના નામ હકક પત્રક એન્ટ્રી નંબરઃ ૪૪૮૮, તારીખઃ ૨૩/૧૨/૧૯૯૬ થી દાખલ થયેલા છે.

મોહમદ અનવર અહમદુલ્લા એ મહેસુલી રેકર્ડ ઉપર ચાલતી ટુકડાની નોંધ કમી કરવા અરજી કરેલી. સદરહુ જમીનમા નહેરના પાણીથી સિંચાઈ કરીને પિયત બનાવવા આવેલી અને શાકભાજી તથા પિયત પાકો લેવામા આવતા હતા. મે. ગુજરાત સરકારના મહેસુલી વિભાગના તારીખઃ ૨૦/૯/૧૯૮૨ ના પરિપત્ર મુજબ કૂવો, નહેર વગેરેથી જમીનની પિયત કરવામા આવતી હોય તેવી જમીનોને બાગાયત ગણી ટુકડા કમી કરવા હુકમ થયેલો છે. તે પરિપત્ર ધ્યાને લઈ સદરહુ બ્લોક નંબરઃ ૭૧ વાળી જમીનના મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબરઃ ૫૦૨૭, તારીખઃ ૨૮/૩/૨૦૦૨ થી ટુકડા કમીની નોંધ કરવામા આવેલી છે.

મોહમદ અનવર અહમદુલ્લા, આબેદાબીબી અહમદુલ્લા તે ઐયુબ મલેક ની ધણીયાણી અને સોફીયાબાનુ અહમદુલ્લા તે અબ્દુલ ખાલીક શેખ ની ધણીયાણી પાસેથી તારીખઃ ૨/૫/૨૦૦૧ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મજકુર બ્લોક નંબરઃ ૭૧ વાળી પુરેપુરી જમીન યોગેશભાઈ છોટાભાઈ પટેલ, નવીનભાઈ ગીરધરભાઈ પટેલ, ધર્મેશભાઈ ચંદુભાઈ પટેલ અને નયનભાઈ છોટાભાઈ પટેલ એ વેચાણ રાખેલી. તે વેચાણ દસ્તાવેજ મે.સુરત/૪/કતારગામ ના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા ૧ નંબરની બુકના ૨૨૨ નંબરે તારીખઃ ૧૧/૧/૨૦૦૨ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. તે દસ્તાવેજમા દર્શાવ્યા મુજબ ખરીદનારે વેચાણ આપનારને પુરેપુરી રકમ ચુકવી આપેલી છે અને જમીનનો કબજો પણ સ્વીકારી લીધો છે. વેચાણની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એનટ્રી નંબરઃ ૫૦૩૦ તારીખઃ ૨૮/૩/૨૦૦૨ થી થયેલી છે.

સુરત મહાનગરપાલિકાનું હદ વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના પાલ ગામનો સમાવેશ સુરત સીટી તાલુકામા કરવામા આવેલો જેના પ્રાદેશિક ફેરફારની નોંધ ગામ દફતરે

હકક પત્રક એન્ટ્રી નંબર: ૬૧૯૬ અને ૬૧૯૭ થી કરવામા આવેલી છે. હવે સુરત સીટી તાલુકાનું પણ વિભાજન કરવામાં આવેલુ છે અને પાલ ગામનો સમાવેશ અડાજણ તાલુકામા કરવામા આવ્યો છે.

૭/૧૨ ના બીજા હકકમા જમીનને ટુકડો દર્શાવેલી હતી. તેથી જમીન માલીક યોગેશભાઈ છોટાભાઈ એ અરજી કરતાં કાર્યપાલક ઈજનેરશ્રીના કમાન્ડ વિસ્તારના પ્રમાણપત્રને ધ્યાને લઈ હકક પત્રક એન્ટ્રી નંબર: ૬૨૫૬, તારીખ: ૯/૩/૨૦૦૭ થી ટુકડા કમીની નોંધ કરવામા આવેલી છે.

યોગેશભાઈ છોટાભાઈ પટેલ, નવીનભાઈ ગીરધરભાઈ પટેલ, ધર્મેશભાઈ ચંદુભાઈ પટેલ અને નયનભાઈ છોટાભાઈ પટેલ પાસેથી તારીખ: ૨૭/૭/૨૦૦૬ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મજકુર બ્લોક નંબર: ૭૧ વાળી પુરેપુરી જમીન ભીમજીભાઈ ધરમશીભાઈ, ગુણવંતભાઈ શામજીભાઈ, પ્રેમજીભાઈ વિરજીભાઈ અને કરમશીભાઈ વિરજીભાઈ એ વેચાણ રાખેલી. તે વેચાણ દસ્તાવેજ મે.સુરત/૪/કતારગામ ના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા ૧ નંબરની બુકના ૧૦૫૯૦ નંબરે તારીખ: ૨૯/૭/૨૦૦૬ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. તે દસ્તાવેજમા દર્શાવ્યા મુજબ ખરીદનારે વેચાણ આપનારને પુરેપુરી રકમ ચુકવી આપેલી છે અને જમીનનો કબજો પણ સ્વીકારી લીધો છે. વેચાણની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એનટ્રી નંબર: ૬૪૪૧ તારીખ: ૧૫/૧૦/૨૦૦૭ થી થયેલી છે.

ભીમજીભાઈ ધરમશીભાઈ, ગુણવંતભાઈ શામજીભાઈ, પ્રેમજીભાઈ વિરજીભાઈ અને કરમશીભાઈ વિરજીભાઈ પાસેથી તારીખ: ૧૩/૩/૨૦૦૮ ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મજકુર બ્લોક નંબર: ૭૧ વાળી પુરેપુરી જમીન દિનેશભાઈ ભોગીલાલ પટેલ એચ.યુ.એફ. ના કર્તા – દિનેશભાઈ ભોગીલાલ પટેલ, ભરતભાઈ નટવરભાઈ પટેલ એચ.યુ.એફ. ના કર્તા – ભરતભાઈ નટવરભાઈ પટેલ અને કેતનભાઈ સુરેશચંદ્ર પટેલ એ વેચાણ રાખેલી. તે વેચાણ દસ્તાવેજ મે.સુરત/૪/કતારગામ ના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમા ૧ નંબરની બુકના ૩૪૩૨ નંબરે તારીખ: ૧૪/૩/૨૦૦૮ ના રોજ રજીસ્ટર્ડ થયેલો. તે દસ્તાવેજમા દર્શાવ્યા મુજબ ખરીદનારે વેચાણ આપનારને પુરેપુરી રકમ ચુકવી આપેલી છે

અને જમીનનો કબજો પણ સ્વીકારી લીધો છે. વેચાણની નોંધ મહેસુલી રેકર્ડ ઉપર હકક પત્રક એન્ટ્રી નંબરઃ ૬૨૦૫ તારીખઃ ૧/૪/૨૦૦૮ થી થયેલી છે.

કલેકટરશ્રી, સુરતે તેમના હુકમ નંબરઃ ૯૨૯/૨૨/૧૬/૦૪૧/૨૦૨૨ તારીખ:૧૬/૫/૨૦૨૨ થી મજકુર અંતિમખંડની ૪૮૧૬ ચો.મી. જમીન પૈકી ૪૮૧૫ સમચોરસ મીટર જમીનને બીનખેતીમા ફેરવી આપેલી. ૧(એક) ચોરસ મીટર ક્ષેત્રફળની જમીન બિનખેતી કરવાની રહી ગયેલી. તેથી દિનેશભાઈ ભોગીલાલ પટેલ એચ.યુ.એફ. ના કર્તાઃ દિનેશભાઈ ભોગીલાલ પટેલ, ભરતભાઈ નટવરભાઈ પટેલ એચ.યુ.એફ. ના કર્તાઃ ભરતભાઈ નટવરભાઈ પટેલ અને કેતનભાઈ સુરેશચંદ્ર પટેલ પાસેથી પ્રિમુલા ઈન્ફ્રા એલએલપી એ ૪૮૧૫ સમ ચોરસ મીટર બિનખેતી થયેલી જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલો. તે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના ૧૯૭૯૮ નંબરે તા:૧૫/૯/૨૦૨૨ ના રોજ રજીસ્ટર્ડ થયેલો છે. ત્યારબાદ કલેકટરશ્રી, સુરતને તેમના હુકમ નં.૨૦૬૦/૨૨/૧૬/૦૪૧/૨૦૨૨ તા.૧૦/૧૦/૨૦૨૨ થી બાકી રહેતી ૧ સમ ચોરસ મીટર જમીન પણ બિનખેતી કરી આપેલી. તેથી તે ૧ સમ ચોરસ મીટર જમીનનો દસ્તાવેજ દિનેશભાઈ ભોગીલાલ પટેલ એચ.યુ.એફ. ના કર્તાઃ દિનેશભાઈ ભોગીલાલ પટેલ, ભરતભાઈ નટવરભાઈ પટેલ એચ.યુ.એફ. ના કર્તાઃ ભરતભાઈ નટવરભાઈ પટેલ અને કેતનભાઈ સુરેશચંદ્ર પટેલ પાસેથી પ્રિમુલા ઈન્ફ્રા એલએલપી એ કરાવી લીધો છે. તે વેચાણ દસ્તાવેજ મહેરબાન સુરતના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના ૨૨૫૦૬ નંબરે તાઃ ૧૭/૧૦/૨૦૨૨ ના રોજ રજીસ્ટર્ડ થયેલો છે. બન્ને વેચાણ દસ્તાવેજો આધારે પ્રિમુલા ઈન્ફ્રા એલએલપીનું નામ મહેસુલી રેકર્ડ ઉપર હક પત્રક એન્ટ્રી નંબરઃ ૯૩૭૧ અને ૯૩૭૫ થી દાખલ થયુ છે અને તે એન્ટ્રી પ્રમાણીત થયેલી છે.

દિનેશભાઈ ભોગીલાલ પટેલના સીધી લીટીના તમામ વારસદારો યાને પત્ની ફાલ્ગુનીબેન દિનેશભાઈ પટેલ બે પુત્રીઓ પૂજા નિરવ પટેલ તથા માનસી દિવ્યેશભાઈ પટેલ અને એક પુત્ર યશ દિનેશભાઈ પટેલ એ તારીખઃ ૨૪/૧૧/૨૦૨૨ ના રોજના કબુલાતના દસ્તાવેજથી પ્રિમુલા ઈન્ફ્રા એલએલપીએ કરાવેલ વેચાણ દસ્તાવેજો બીનશરતી કબુલ રાખેલા

છે. તે દસ્તાવેજ મહેરબાન સુરતના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના ૨૪૬૩૫ નંબરે તાઃ ૨૪/૧૧/૨૦૨૨ ના રોજ રજીસ્ટર્ડ થયેલો છે. તેજ રીતે ભરતભાઈ નટવરભાઈ પટેલના સીધી લીટીના તમામ વારસદારો યાને પત્ની નયનાબેન ભરતભાઈ પટેલ, એક પુત્ર અક્ષિતકુમાર ભરતભાઈ પટેલ અને એક પુત્રી નિધિ મિહીરકુમાર પટેલ એ તારીખઃ ૧૭/૧૦/૨૦૨૨ ના રોજના કબુલાતના દસ્તાવેજથી પ્રિમુલા ઈન્ફ્રા એલએલપીએ કરાવેલ વેચાણ દસ્તાવેજો બીનશરતી કબુલ રાખેલા છે. તે દસ્તાવેજ મહેરબાન સુરતના સબ–રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ૧ નંબરની બુકના ૨૨૫૦૯ નંબરે તાઃ ૧૭/૧૦/૨૦૨૨ ના રોજ રજીસ્ટર્ડ થયેલો છે.

૨. સુરત મહાનગરપાલિકાએ રજાચીઠ્ઠી નં. ટી.ડી.ઓ./ડીપી/ નં.૨૦૩ તારીખઃ ૫/૧૧/૨૦૨૨ થી વિષયમાં જણાવેલી જમીન ઉપર રહેણાંક હેતુના બાંધકામ માટેના પ્લાન મંજુર કરી આપેલા છે. મંજુર પ્લાન મુજબ પેઢીએ બાંધકામ શરૂ કરેલુ છે અને તે ઉપર 'સૂર્યમ પ્રાઈમરોઝ' નામથી ઓળખાતા પ્રોજેકટનુ આયોજન કરેલુ છે.

૩. સદરહુ જમીનના ટાઈટલ બાબતે અમે એડવોકેટ કેયુર વાય શુકલા મારફતે સબ–રજીસ્ટ્રારશ્રી, અડાજણની કચેરીમાં સને–૧૯૯૧ થી આજદિન સુધીની શોધ કરાવી છે. તે શોધમાં મજકૂર જમીન ઉપર કોઈપણ પ્રકારના બોજા નોંધાયેલા મળી આવતા નથી. એડવોકેટશ્રી કેયુર વાય શુકલા ના રીપોર્ટની નકલ આ સાથે સામેલ કરેલી છે.

૪. ઉપરોક્ત સંજોગોમાં જમીનના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનો તથા જમીન નકરજી, નબોજી અને નજોખમી હોવાનો અમારો અભિપ્રાય છે. અમારો આ અભિપ્રાય આ સાથે સામેલ એનેક્ષ્ચર માં જણાવેલા કાગળોની તપાસ ઉપર આધારીત છે.

સુરત.

તારીખઃ 2/3/2023

MAHARSHI H. LAIWALA
(ENROLLMENT NO : G/2407/2006)